**સ્થાનિક રહીશોએ કોર્પોરેટરના ઘરે રામધૂન બોલાવી વિરોધ વ્યક્ત કર્યો**

# વડોદરામાં 'અશાંત ધારા'ના લીરેલીરા : વિવાદાસ્પદ પ્લોટના સોદા સામે રહીશોનો મધરાતે હલ્લાબોલ

**ચૂંટણી બહિષ્કારની** ચીમકી: સોદો રદ નહીં થાય તો આગામી કોર્પોરેશન ચૂંટણીમાં પાઠ ભણાવવાની સ્થાનિકોની ચેતવણી




(પ્રતિનિધિ) વડોદરા, તા.10

વડોદરા શહેરના પોશ ગણાતા ઓલ્ડ પાદરા રોડ વિસ્તારમાં અશાંત ધારાનો કાયદો અમલમાં હોવા છતાં એક વિવાદાસ્પદ પ્લોટના સોદાને લઈને સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ મામલે છેલ્લા 15 દિવસથી રજૂઆતો કરવા છતાં કોઈ ઉકેલ ન આવતા, ગઈકાલે મોડી રાત્રે અક્ષર આર્ય સોસાયટીના રહીશો મોટી સંખ્યામાં સ્થાનિક કોર્પોરેટરના ઘરે પહોંચ્યા હતા અને રામધૂન ગાઈને અનોખો વિરોધ પ્રદર્શન કર્યો હતો. મળતી માહિતી મુજબ, ઓલ્ડ પાદરા રોડ પર આવેલી અક્ષર આર્ય સોસાયટીની બિલકુલ સામે આવેલો પ્લોટ નંબર 209 જે અશાંત ધારા હેઠળ આવે છે, તેનો સોદો કરવામાં આવ્યો છે. રહીશોનો આક્ષેપ છે કે આ પ્લોટના વેચાણમાં હિન્દુ અને મુસ્લિમ ભાગીદારોની સંડોવણી છે અને છ જેટલા વિધર્મીઓને પાર્ટનર તરીકે રાખવામાં આવ્યા છે. અશાંત ધારાના કાયદા મુજબ આ પ્રકારના સોદા પર પ્રતિબંધ હોવા છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા રહીશોમાં ફાળકો પડ્યો છે. સ્થાનિકોએ જણાવ્યું હતું કે, તેઓ છેલ્લા દસ-પંદર દિવસથી કલેક્ટર કચેરી અને પ્રાંત અધિકારીને લેખિતમાં ફરિયાદ કરી રહ્યા છે, પરંતુ હજુ સુધી કોઈ નક્કર પરિણામ મળ્યું નથી. આખરે કંટાળીને રહીશો, જેમાં મહિલાઓ અને નાના બાળકો પણ જોડાયા હતા, તેઓ સ્થાનિક કોર્પોરેટર નરવીરસિંહ ચુડાસમાના નિવાસસ્થાને પહોંચ્યા હતા. રહીશોએ કોર્પોરેટરના ઘરની બહાર બેસીને દોઢ કલાક સુધી રામધૂન બોલાવી વિરોધ નોંધાવ્યો હતો. જોકે, તે સમયે કોર્પોરેટર હાજર ન હોવાનું જણાવાયું હતું, જેના કારણે રહીશોમાં વધુ નારાજગી જોવા મળી હતી. આ વિરોધ પ્રદર્શનમાં વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરો પણ જોડાયા હતા. વિશ્વ હિન્દુ પરિષદના આગેવાનોએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, જો અશાંત ધારાનું ઉલ્લંઘન કરીને કરવામાં આવેલો આ સોદો તાત્કાલિક રદ કરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે. એટલું જ નહીં, રહીશોએ એવી પણ ચીમકી ઉચ્ચારી છે કે જો આ પ્રશ્નનો નિકાલ નહીં આવે તો આગામી કોર્પોરેશનની ચૂંટણીમાં તેના ગંભીર પડઘા પડશે અને જનતા મતાધિકાર દ્વારા પોતાનો રોષ પ્રગટ કરશે. હાલમાં રહીશોએ જે.પી. પોલીસ ચોકી ખાતે પણ રજૂઆત કરી છે અને માંગ કરી છે કે આ વિવાદાસ્પદ મિલકતનો સોદો તત્કાલ રદ કરવામાં આવે જેથી વિસ્તારની શાંતિ અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે.

**વડોદરા શહેરના ખંડેરાવ માર્કેટ પાસેનો વિચિત્ર બનાવ**

# રિક્ષામાં મુસાફરો બેસાડવાની લ્હાયમાં ઝપાઝપી, રીક્ષા ચાલકો બાખડયા

**રિક્ષા** ચાલકોને છોડાવવા માટે એક મહિલા પણ વચ્ચે પડી અંતે સમગ્ર મામલો થાળે પાડ્યો



(પ્રતિનિધિ) વડોદરા, તા.10

વડોદરા શહેરના ખંડેરાવ માર્કેટ પાસે બે રીક્ષા ચાલકો બાખડયા હતા. મુસાફરોને બેસાડવાની લ્હાયમાં આ રીક્ષા ચાલકોઈ બખેડો ઉભો કર્યો હતો અને ઝપાઝપી પર ઉતરી આવ્યા હતા. એકબીજાને બિભસ્ત ગાળો પણ ભાંડી હતી. જ્યારે એક મહિલા સહિત લોકોએ બંને રીક્ષા ચાલકોને છુટા પાડયા હતા.

વડોદરા શહેરમાં આજે પણ કેટલાક વિસ્તારોમાં આડેધડ થતા પાર્કિંગો અને રિક્ષાઓના જામતા ખડકલાને કારણે ટ્રાફિકનું ભારણ રહેતું હોય છે. એમાંય ખાસ કરીને પાલિકાના જ દીવા તળે અંધારું જેવો ઘાટ જોવા મળ્યો છે. ઘણી વખત પાલિકા દ્વારા પાલિકાની પાસેથી જ દબાણો હટાવવામાં આવે છે. પરંતુ, તે બાદ પુન દબાણો ખડકાઈ જતા હોય છે. જેના કારણે સવાર સાંજ અહીંથી પસાર થતાં નોકરિયાત વર્ગ અને વિદ્યાર્થીઓને ઘણી મુશ્કેલી પડતી હોય છે. રીક્ષા ચાલકો પણ મન ફાવે તેમ મુસાફરોને બેસાડવા માટે ચાલુ રોડ ઉપર પોતાની રીક્ષા અટકાવી દેતા હોય છે. જેના કારણે પાછળથી આવતા ટ્રાફિકને પણ અકસ્માતનો ભય રહે છે. ત્યારે, ખંડેરાવ માર્કેટ પાસે મુસાફરો વધુ બેસાડવાની લ્હાયમાં બે રીક્ષા ચાલકો જાહેર માર્ગ ઉપર ઝપાઝપી પર ઉતરી આવ્યા હતા છ અને આઠ મુસાફરો બેસાડ્યા હોવાની વાતે રીક્ષા ચાલકો બાખડયા હતા. અને એકબીજાને બિભસ્ત ગાળો પણ ભાંડી હતી. ત્યારે આ રીક્ષા ચાલકોને છોડાવવા માટે એક મહિલા પણ વચ્ચે પડી હતી. અંતે સમગ્ર મામલો થાળે પાડ્યો હતો. અત્રે નોંધનીય બાબતે છે કે, આજે પણ કેટલાક ચાલકો ટ્રાફિક નિયમોના લીધે ઉડાવતા હોય છે. કમાવાની લ્હાયમાં ક્ષમતા કરતા વધુ મુસાફરોને બેસાડી જોખમી સવારી કરતા હોય છે છતાં પણ યોગ્ય કાર્યવાહીના અભાવે આજે પણ આ સિલસિલો યથાવત જોવા મળી રહ્યો છે.

**11 દિવસની આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓ રાજ્યના વિવિધ સ્થળોએ યોજાશે**

# કોમનવેલ્થ સ્પોર્ટના પ્રતિનિધિ મંડળે બીસીએ સ્ટેડિયમની મુલાકાત લીધી

(પ્રતિનિધિ) વડોદરા, તા.10

બરોડા ક્રિકેટ એસોસિયેશનના કોટંબી સ્ટેડિયમ ખાતે દેશના રમતગમત ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે એક મહત્વપૂર્ણ પહેલ તરીકે કોમનવેલ્થ સ્પોર્ટ્સની પ્રતિષ્ઠિત પ્રતિનિધિ મંડળે મુલાકાત લઈ નિરીક્ષણ કર્યું હતું. આ સ્ટેડિયમને કોમનવેલ્થ ગેમ્સ 2030 જે આગામી અમદાવાદમાં થવા જઈ રહી છે. આ સંભવિત સ્થળ તરીકે પસંદગી કરવામાં આવી છે. જેમાં રાજ્યભરના વિવિધ સ્થળોએ સ્પર્ધા યોજાશે.



કોમનવેલ્થ સ્પોર્ટ્સ તરફથી ડાયરેક્ટર ઓફ સ્પોર્ટ એન-લુઈસ મોર્ગન, ટેકનીકલ કન્સલ્ટન્ટ નીલ કાર્ની સહિત ગેમ્સ ડિલિવરી ટેકનીકલ ટીમના સભ્યો હાજર રહ્યા હતા, તેમની સાથે સ્પોર્ટ ઓથોરિટી ઓફ ગુજરાત તરફથી આસિસ્ટન્ટ ડાયરેક્ટર અમિત ગામીત અને લાયસન ઓફિસર વિસ્મય વ્યાસ તેમજ ડીસ્ટ્રીક સ્પોર્ટ્સ ઓફિસર દિનેશ કદમ વડોદરા અને ડિસ્ટ્રિક્ટ કોચ આકાશ વડોદરિયા ઉપસ્થિત રહ્યા હતા.

જ્યારે બરોડા ક્રિકેટ એસોસિએશન તરફથી સીઈઓ સ્નેહલ પરીખ, એક્સ ટ્રેઝરર એન્ડ સ્ટેડિયમ કમિટી મેમ્બર અજીત પટેલ અને એક્સ અપેક્ષ કાઉન્સિલ મેમ્બર અક્ષત પટેલ સાથે બીસીએ ઓફિસની ટીમ હાજર રહી હતી.

**ભાદરવા પોલીસ સ્ટેશનમાં ચાર્જ સંભાળતા જ પીઆઈ જે.એ.બારોટ એક્શનમાં આવ્યા**

# દારૂના કેસમાં બે માસથી ફરાર રીઢા આરોપીને બોડેલીમાંથી ભાદરવા પોલીસે ઝડપી પાડ્યો

**આરોપી** સામે અગાઉ કરાલી, પાનવડ અને બોડેલી પોલીસ સ્ટેશનોમાં ગુના નોંધાયેલા છે

(પ્રતિનિધિ) વડોદરા, તા.10

દારૂના ગુનામાં છેલ્લા બે મહિનાથી નાસ્તા ફરતા આરોપીને બોડેલી વિસ્તારમાંથી ભાદરવા પોલીસે ઝડપી પાડ્યો છે. ત્યારે પીઆઈએ ચાર્જ સંભાળતા ની સાથે જ નાસ્તા ફરતા આરોપીઓ ઉપર સપાટો બોલાવવાનો શરૂ કરી દીધું છે. ભાદરવા પોલીસ સ્ટેશનના પીઆઈ જે.એ. બારોટે ચાર્જ સંભાળતાની સાથે જ વિવિધ ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓ સપાટો બોલાવવાનું શરૂ કર્યું છે. સ્થાપના કર્મચારીઓને ઝડપી પાડવા માટેની સૂચના પણ આપી હતી. જેના આધારે ભાદરવા પોલીસ સ્ટેશન નો સ્ટાફ પેટ્રોલિંગમાં ફરી રહ્યો હતો તે દરમિયાન બાતમી મળી હતી કે મંજુસર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પ્રોહિબિશન ગુનામાં ફરાર



આરોપી બોડેલી નજીક હાજર છે. આ બાતમી આધારે પોલીસની એક ટીમ બોડેલી ખાતે રવાના કરાઈ હતી અને જય મહાદેવ હોટેલ પાસે ઉભેલા શંકાસ્પદ ઈસમને કોર્ડન કરીને ઝડપી પાડ્યો હતો.

પૂછપરછ દરમિયાન તેણે પોતાનું નામ અંકેશ દસરીયા તોમર ( રહે. અંબા, સિંધી ફળીયુ, તા. સોડવા, જી. અલીરાજપુર, એમ.પી.) હોવાનું જણાવી પ્રોહિબિશન કેસમાં ફરાર હોવાની કબૂલાત કરી હતી. પોલીસે આરોપીને હસ્તગત કરી ભાદરવા પોલીસ સ્ટેશનમાં લાવી વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે આરોપી સામે અગાઉ કરાલી, પાનવડ અને બોડેલી પોલીસ સ્ટેશનોમાં ગુના નોંધાયેલા છે.

**વડોદરા જિલ્લામાં વેવાઈ અને વેવાણ વચ્ચે ઇલુ ઇલુ**

# પતિને જાણ થતા દીકરીની સાસરીમાં જવાનું બંધ કરાવ્યું

વેવાઈને મળવા નહીં મળતા રોષે ભરાયેલી મહિલાએ ઝેરી દવા પી આત્મહત્યાનો પ્રયાસ

(પ્રતિનિધિ) વડોદરા, તા.10

વડોદરા જિલ્લાના એક ગામમાં પરિવારિક સંબંધોને ઝંઝોડી નાખે તેવી ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં દીકરીના સસરા સાથે જ માતાએ પ્રેમ સંબંધ બાંધ્યા હતા. વેવાઈ વચ્ચેના અયોગ્ય સંબંધ જાણ પતિને થતા તેઓએ દીકરીની સાસરીમાં જવાનું બંધ કરાવ્યું હતું. જેથી મહિલાને લાગી આવતા જંતુનાશક દવા પીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. જેથી તેમની તબિયત લથડતા ગોત્રી હોસ્પિટલમાં દાખલ કરાયા છે. વડોદરા જિલ્લાના એક ગામમાં રહેતી સગીર દીકરીએ એક યુવક સાથે પ્રેમ સંબંધ બાંધ્યા હતા. આ બાબતની જાણ દીકરીના માતા-પિતાને થતા તેઓએ સમાજ મુજબ બંનેના લગ્ન કરવાનું નક્કી કર્યું હતું. પરંતુ આ દરમિયાન સમગ્ર ઘટનામાં ચોંકાવનારો વળાંક આવ્યો હતો. માહિતી મુજબ, દીકરીની માતાએ જ તેના વેવાઈ (દીકરીના સસરા) સાથે અયોગ્ય સંબંધ બાંધ્યા હતા. આ સંબંધ અંગે મહિલાના પતિને જાણ થતાં પરિવારજનોમાં ભારે ખળભળાટ મચી ગયો હતો. ત્યારબાદ પતિએ પરિવારના સભ્યો સાથે મળીને એવો નિર્ણય કર્યો હતો કે દીકરી ભલે સાસરીમાં જાય, પરંતુ પરિવારનો કોઈ સભ્ય તેની સાસરીમાં જશે નહીં. જો સાસરી પક્ષે આવવું હોય તો તેઓ આવી શકે, પરંતુ પોતાની તરફથી સંબંધ રાખવામાં નહીં આવે. આ નિર્ણયથી મહિલા મનમાં દુઃખ થયું હતું. દીકરીની સાસરીમાં જવાનું અને વેવાઈને મળવાનું બંધ થતાં તેણીએ આઘાતમાં આવીને અંતે તુવેરના પાક પર છાંટવામાં આવતી ઝેરી દવા ઘટઘટાવીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. ઝેરી દવા પી લેતાં મહિલાની તબિયત લથડતા તેને તાત્કાલિક સારવાર માટે વડોદરાની ગોત્રી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં હાલ તેની સારવાર ચાલી રહી છે. સમગ્ર ઘટનાને પગલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

**ઓફિસ બંધ થયા બાદ મોડી રાતના આ કર્મચારી ચાવી ખોલીને ચોરી કરતો હતો**

# સુભાનપુરાની ઓફિસમાં કામ કરતા કર્મચારી દ્વારા ગોડાઉનમાંથી જ રૂ. 1.97 લાખના કેબલની ચોરી

**સીસીટીવી** કેમેરા ચેક કરતા ચોરી કરતા કર્મચારી કેમેરામાં કંડારાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.10

વડોદરા શહેરના સુભાનપુરા વિસ્તારમાં આવેલી એક પ્રાઈવેટ કંપનીમાં કામ કરતા કર્મચારી દ્વારા જ ગોડાઉનમાં રૂપિયા 1.97 લાખના કેબલની ચોરી કરવામાં આવી છે. મોડી રાત્રિના ચોરી કરવા માટે આવેલો કર્મચારી સીસીટીવી કેમેરામાં કેદ થયો હતો. વડોદરા તારીખ 10 વડોદરા શહેરના સુભાનપુરા હાઈટેન્શન રોડ પર આવેલી આકાશદીપ સોસાયટીમાં રહેતા અને " ખાનગી કંપની ચલાવતા અમરીશ સુભાષચંદ્ર જોષીએ નોંધાવેલી ફરિયાદ તેમની ઓફિસમાં છેલ્લા થોડા સમયથી માલના સ્ટોકમાં ઘટાડો થતો હોવાનું જાણવા મળ્યું હતું. પાડોશી હિમાંશુભાઈ કોઠારીએ જણાવ્યું હતું કે, ઓફિસ બંધ થયા બાદ એક વ્યક્તિ ફરીથી તાળું ખોલી અંદર જાય છે.

આ માહિતીના આધારે અમરીશભાઈએ ઓફિસમાં લગાવેલા સીસીટીવી કેમેરાની તપાસ કરતા ચોંકાવનારી હકીકત સામે આવી હતી. સીસીટીવી ફૂટેજ ની ચકાસણી કરતા તેમની ઓફિસમાં છેલ્લા દોઢ વર્ષથી કામ કરતો કર્મચારી કુનાલ દશરથ ધાડવે ઓફિસનું તાળું ખોલી ગોડાઉનમાંથી કેબલ બહાર લઈ જતો સ્પષ્ટ જોવા મળ્યો હતો. આ પછી કંપનીનો સ્ટોક ચેક કરતા વિવિધ પ્રકારના કેબલના બંડલ ગાયબ હોવાનું જાણવા મળ્યું હતું. જેમાં 1 સ્ક્વેર મીમી, 2.5 સ્ક્વેર મીમી, સોલાર ડીસી કેબલ, અર્થિંગ કેબલ તેમજ 10 સ્ક્વેર મીમીના કેબલ રૂપિયા 1.97 લાખના સામાનની ચોરી થઈ હોવાનું માલુમ પડયું હતું. આ ઘટનાને લઈને અમરીશ જોષી ની ફરિયાદના આધારે પોલીસે ગુનો કર્મચારીને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

**નશામાં ધૂત શખ્સે દારૂ પીવા ધિંગાણુ મચાવ્યું**

# રૂપિયા માંગ્યા નહીં આપતા પાઈપથી હુમલો કરી રૂ.1500ની લૂંટ ચલાવી

**જાતિ** વિરુદ્ધ ગાળો ભાંડયા બાદ જાનથી મારી નાખવાની ધમકી પણ આપી

(પ્રતિનિધિ) વડોદરા, તા.10

વડોદરા શહેરના પ્રતાપનગર ગુજરાત હાઉસિંગ બોર્ડ ના મકાન નજીક લકી એપાર્ટમેન્ટમાં રહેતા સંજય ડાહયાભાઈ પરમારે નોંધાવેલી ફરીયાદ મુજબ અજય તેજવીર ચૌધરી (રહે. આકાશગંગા સોસાયટી, ચિત્રકૂટ સોસાયટી, માંજલપુર) એ ગત 9 એપ્રિલના રોજ રાત્રે અંદાજે 8.30 વાગ્યાના સુમારે તુલસીવન એપાર્ટમેન્ટની બાજુમાં આવેલા ગેરેજ ખાતે સંજય પરમાર પાસે દારૂ પીવા માટે રૂ. 2 હજારની માંગણી કરી હતી. તેમણે પૈસા આપવા ઈનકાર કરતા અજય ચૌધરીએ તેમના પેન્ટના ખિસ્સામાંથી જબરદસ્તી રૂ. 1500 કાઢી લીધા હતા.

ત્યારબાદ આરોપીએ તેમને જાતિ વિરુદ્ધ શબ્દો માંડવા લાગ્યો હતો અને આ તુલસીવન એપાર્ટમેન્ટ મારું છે, ફરીથી અહીં દેખાશે તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. આ દરમ્યાન આરોપીએ બાજુમાં પડેલી લોખંડની પાઈપ વડે તેમના હુમલો કરી હોંચાડી હતી. તેમને ઈજાઓ પહોંચતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પોલીસે એટ્રોસિટી એક્ટ મુજબ ગુનો નોંધી અજય ચૌધરીને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

**ફાયર બ્રિગેડની સતર્કતાથી મોટી દુર્ઘટના ટળી**

# પંડ્યા બ્રિજ પર 'ઓઈલની રેલમછેલ' વાહનચાલકોના જીવ તાળવે ચોંટ્યા

(પ્રતિનિધિ) વડોદરા, તા.10

વડોદરા શહેરના વ્યસ્ત પંડ્યા બ્રિજ પર ગત રાત્રીના સમયે ભયનો માહોલ સર્જાયો હતો. જ્યારે બ્રિજ ઉતરતી વખતે એક ચાલુ વાહને રસ્તા પર ઓઈલનો ફુવારો છોડ્યો હતો. જોતજોતામાં બ્રિજનો એક હિસ્સો કાચ જેવો લપસણો બની ગયો હતો. ટ્રાફિકથી ધમધમતા આ માર્ગ પર ગમે ત્યારે વાહનોના થપ્પા લાગી શકે તેવી સ્થિતિ વચ્ચે વડીવાડી ફાયર બ્રિગેડે મોરચો સંભાળી રસ્તો કોર્ડન કરી સુરક્ષા કવચ પૂરું પાડ્યું હતું.



ગત રાત્રીના સમયે પંડ્યા બ્રિજ પરથી પસાર થતી એક ગાડીમાં અચાનક ટેકનિકલ ખામી સર્જાતા ઓઈલ લીકેજ શરૂ થયું હતું. ગાડીના ચાલકને ખ્યાલ આવે તે પહેલાં તો બ્રિજ ઉતરવાના ઢાળ પર ઓઈલના લીધે કાળી ચાદર પથરાઈ ગઈ હતી. જો સમયસર પગલાં ન લેવાયા હોત, તો અનેક વાહનચાલકો સ્લીપ ખાઈ ને ગંભીર ઈજાનો ભોગ બની શક્યા હોત.

પરંતુ ઘટનાની જાણ થતાં જ વડીવાડી ફાયર સ્ટેશનના જવાનો ગણતરીની મિનિટોમાં સાધન-સામગ્રી સાથે દોડી આવ્યા હતા. ફાયર ઓફિસર અને લશ્કરોએ સ્થિતિ પારખીને ઓઈલવાળા ભાગને આસપાસથી ઘેરી લેવામાં આવ્યો જેથી કોઈ અજાણતા તે વિસ્તારમાં પ્રવેશે નહીં. સાવચેતીના ભાગરૂપે બ્રિજનો એક તરફનો ટ્રેક બંધ કરી ટ્રાફિકને ડાયવર્ટ કરવામાં આવ્યો હતો, જેથી કોઈ અકસ્માત ન સર્જાય. લપસણી બનેલી સપાટી પર ફાયરના જવાનોએ ટ્રેક્ટર ભરીને માટી અને ધૂળનો છંટકાવ કર્યો હતો. ઓઈલ પર માટી પડતા રસ્તો ફરીથી પકડ ધરાવતો થયો હતો. ભરચક ટ્રાફિક વચ્ચે ફાયર વિભાગે જે રીતે ઓપરેશન પાર પાડ્યું તેનાથી મોટી જાનહાનિ ટળી હતી.

**ભારદારી વાહનોની ગતિ પર લગામ ક્યારે આવશે તેવો સવાલ સ્થાનિકોમાં ઉઠી રહ્યો છે**

# દુમાડ ચોકડી પાસે ભારદારી પત્નીની નજર સામે જ પતિનું મોત

**લગ્ન** પ્રસંગના હરખમાં વિઘ્ન, ભરૂચથી આસોજ જઈ રહેલા પાટણવાડિયા પરિવાર પર આભ ફાટ્યું

(પ્રતિનિધિ) વડોદરા, તા.10

વડોદરાના દુમાડ બ્રિજ નીચે ભારદારી વાહનોના કારણે નિર્દોષ નાગરિકોના જીવ જવાનો સિલસિલો યથાવત રહ્યો છે. આજે સવારે ડુમાડ ચોકડી બ્રિજ નીચે એક કાળજું કંપાવી દેનારો અકસ્માત સર્જાયો હતો. જેમાં લગ્ન પ્રસંગમાં જઈ રહેલા દંપતીને એક ભારદારી વાહને અડફેટે લેતા પતિનું પત્નીની નજર સામે જ ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત




નીપજ્યું હતું. ભરૂચ જિલ્લાના વાસણા-આમોદ વિસ્તારના વતની ગણપતભાઈ મોહનભાઈ પાટણવાડિયા તેમના પત્ની સાથે મોટરસાયકલ પર સવાર થઈને વડોદરાના આસોજ ગામે એક લગ્ન પ્રસંગમાં હાજરી આપવા નીકળ્યા હતા. દંપતી હજુ તો ખુશી-ખુશી લગ્ન પ્રસંગના સ્થળે પહોંચવાની તૈયારીમાં જ હતું, ત્યાં જ ડુમાડ ચોકડી બ્રિજ નીચે કાળ બનીને આવેલા એક ભારદારી વાહને તેઓને અડફેટે લીધા હતા.

અકસ્માત એટલો ભયાનક હતો કે ગણપતભાઈ ભારદારી વાહનના ટાયર નીચે આવી ગયા હતા અને ગંભીર ઈજાઓને કારણે તેમનું સ્થળ પર જ પ્રાણપંખેરુ ઉડી ગયું હતું. બીજી તરફ, તેમના પત્ની ફંગોળાઈને બાજુમાં પડતા તેમનો આબાદ બચાવ થયો હતો, પરંતુ નજર સામે જ પતિનો દેહ છૂટતા તેઓ પર આભ ફાટી પડ્યું હતું. ઘટનાને પગલે આસપાસના લોકોના ટોળેટોળા એકત્રિત થઈ ગયા હતા. બનાવની જાણ થતા જ સમા પોલીસની ટીમ તાત્કાલિક એક્શનમાં આવી હતી અને ઘટનાસ્થળે પહોંચી ટ્રાફિક ક્લિયર કરાવ્યો હતો. પોલીસે ગણપતભાઈના મૃતદેહને પંચનામું કરી પોસ્ટમોર્ટમ માટે વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, અકસ્માત સર્જીને ભાગી છૂટવાની ફિરાકમાં રહેલા ભારદારી વાહનના ચાલકને પોલીસે ઝડપી પાડ્યો છે. પોલીસે અકસ્માતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. આ કરુણ અકસ્માતને પગલે ભરૂચમાં રહેતા પાટણવાડિયા પરિવારમાં અને આસોજ ગામે જ્યાં લગ્ન હતા ત્યાં પણ માતમ છવાઈ ગયો છે. વડોદરાના હાઈવે અને ચોકડીઓ પર બેફામ દોડતા ભારદારી વાહનો હવે યમદૂત સાબિત થઈ રહ્યા છે. ડુમાડ ચોકડી જેવા વ્યસ્ત વિસ્તારમાં ટ્રાફિક વ્યવસ્થા અને ભારદારી વાહનોની ગતિ પર લગામ ક્યારે આવશે તેવો સવાલ સ્થાનિકોમાં ઉઠી રહ્યો છે.

**એજન્ટે વિશ્વાસમાં લીધા બાદ ટુકડે-ટુકડે રૂપિયા પડાવ્યા**

# યુકે વર્ક વિઝાના બનાવી આપવાના બહાને પાલેજના વેપારી સાથે રૂ. 10.65 લાખની ઠગાઈ

ઓફર લેટર સહિતના કાગળો આપ્યા છતાં વિઝા બનાવી આપ્યા નહી, ફોન બંધ કરી ગાયબ થઈ જતા વેપારીએ પોલીસનો સંપર્ક કર્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.10

ભરૂચ જિલ્લાનાપાલેજના સીમલિયા રોડ સ્થિત નસાબપાર્કમાં રહેતા તાકીરભાઈ યાકુબભાઈ અફીણવાલા (ઉ.વ.51) પોતાના પરિવાર સાથે રહે છે અને મરઘી ફાર્મનો વ્યવસાય કરે છે. તેમના પુત્રને યુ.કે. ખાતે નોકરી માટે મોકલવાનો વિચાર થતાં તેઓ વિઝા એજન્ટની શોધ કરી રહ્યા હતા. આ દરમ્યાન તેમના ઓળખીતાએ અમૃતભાઈ મણીલાલ પટેલ (રહે. રાજપુર, તા. કડી, જી. મહેસાણા) નો સંપર્ક કરાવ્યો હતો. આરોપીએ વડોદરાના અક્ષર કન્સલ્ટન્સી ઓફિસ ખાતે મળીને પોતે અનુભવી વિઝા એજન્ટ હોવાનું કહી વિશ્વાસમાં લીધા હતા. પુત્રના વર્ક વિઝા માટે કુલ રૂ.12 લાખ ફી નક્કી કરી પ્રથમ તબક્કે રૂ.2 લાખ RTGS મારફતે લઈ કો-સ્પોન્સર લેટર આપવાની વાત કરી હતી. પછી આરોપીએ વ્હોટ્સએપ દ્વારા કો-સ્પોન્સર લેટર મોકલી આપ્યા બાદ અલગ-અલગ તારીખે રૂ.10.65 લાખ વસૂલ્યા હતા. સાથે જ યુ.કે.નું ઓફર લેટર, ઈમિગ્રેશન એપ્લિકેશન અને હેલ્થ ઈન્સ્યોરન્સ જેવા દસ્તાવેજો પણ મોકલ્યા હતા. જોકે જરૂરી ચેકલિસ્ટ આપવાનું ટાળતા શંકા ઊભી થઈ હતી. વેપારીએ વારંવાર પૂછપરછ કરતાં એજન્ટ ટૂંક સમયમાં વિઝા પ્રક્રિયા પૂર્ણ કરી આપશે અથવા રૂપિયા પરત આપશે તેવો વિશ્વાસ આપ્યો હતો. પરંતુ સમય પસાર થતાં ન તો વિઝા મળ્યા અને ન રૂપિયા પરત આવ્યા. અંતે ઠગ આરોપીએ ફોન બંધ કરી દીધો હતો. વેપારીએ વડોદરાની ઓફિસ ખાતે તપાસ કરવા ગયા ત્યારે ત્યાં અન્ય વ્યક્તિની ઓફિસ ચાલતી હોવાનું જાણવા મળ્યું હતું. ઓફિસ માલિકે પણ આરોપી અંગે અજાણ હોવાની વાત કરતાં ભાંડો ફૂટયો હતો.